## ઉપસંહાર

પ્રસ્તુત શોધપ્રબન્ધમાં ભવાઈના નાટ્ય પ્રયોગમાં એલિયેનેશન એટલે કે તાદાત્મ્ય નિવારણનાં તત્વો કયાં અને કેવા સ્વરૂપે દૃષ્ટિગોચર થાય છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. સન ૧૯૮૬ થી સન ૧૯૯૩ ના ગાળા દરમ્યાન વિભિન્ન ભવાઈ મંડળીઓ ધ્વારા રજૂ થયેલા ભવાઈ પ્રયોગો નિહાળી તેના આધારે એલિયેનેશનનાં તત્વો તારવવાનો પ્રયત્ન કર્યો છે. ભવાઈ આ પારંપારિક નાટ્યસ્વરૂપના વિભિન્ન દૃષ્ટિકોણથી વિવિધ અભ્યાસ થયા છે. પરંતુ એલિયેનેશનની વિભાવનાને ધ્યાનમાં રાખી તેનો વિધિવત અભ્યાસ કરવાનો કદાચ આ પ્રથમ નમ્ર પ્રયાસ છે.

પ્રસ્તુત શોધપ્રબન્ધમાં શ્રી ગોવર્ધન પંચાલ, ડૉ.સુધાબહેન દેસાઈ, પ્રા.જનક દવે, શ્રી મનસુખ જોષી, ડૉ.મહેશ ચંપકલાલ, કુ.નલિનીબહેન ઉપાધ્યાય, શ્રી કૃષ્ણકાંત કડકીયા, શ્રી જોરાવરસિંહ જાદવ જેવા વિધ્વાનોએ લખેલા પુસ્તકો તેમજ લેખોનો આધાર સામગ્રી તરીકે તથા સંદર્ભસામગ્રી તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બ્રેખ્તની એલિયેનેશનની વિભાવના સમજવા માટે માર્ટિન એસલીન,

Kalpana's

જ્હોન વીલેટ, ઍરીક બેન્ટલી અને વૉલ્ટર વીડેલી જેવા નાટ્યવિદોના પુસ્તકોનો સહારો લેવામાં આવ્યો છે. તેમ છતાં કેટલાક નવાં તારતમ્યો તારવવામાં આવ્યા છે તથા ભવાઈના પારંપારિક સ્વરૂપનો એક નવા જ દૃષ્ટિકોણથી અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે જે ભવાઈ સંશોધનની દિશામાં એક નવું પગલું છે.

ભવાઈ સંશોધનની કેડીએ કેટલાક તારણો તથા નવપ્રસ્થાનો નીચે મુજબ છે :-

- ભવાઈ શબ્દની વ્યુત્પત્તિના સંદર્ભમાં ભવાઈ શબ્દ યજમાન અને નાયક વચ્ચેના ભવોભવનો સંબંધનો દ્યોતક રહ્યો છે વળી વ્યુત્પત્તિની દૃષ્ટિએ 'ભાવન' શબ્દ ભવાઈના સાહિત્યિક સ્વરૂપના સંદર્ભમાં ભવાઈની વિશેષ નજીક છે.

- લોકનાટ્યની પરંપરા ભરતપૂર્વે પણ વિદ્યમાન હતી. શિષ્ટકળાની સમાંતરે જ લોકકળા પાંગરી, સંસ્કૃત રૂપકોની પરંપરા જેને 'સુજ્ઞ' અને 'સહૃદય' પ્રેક્ષકની સંજ્ઞા આપી શકાય તેવા ભદ્ર સમાજના સુશિક્ષિત વર્ગ સુધીજ મર્યાદિત રહી. ગીત, સંગીત, નૃત્ય અને લોકબોલીનું પ્રાચુર્ય ધરાવતા ઉપરૂપકો તે સમયે

Kalpana's

આમજનતાના મનોરંજનનું મુખ્ય સાધન બની રહયાં. (પ્રકરણ-૨)

○ ભવાઈ ભક્તિ આંદોલનના પરિણામરૂપે નહીં પણ તે સમયની વિશિષ્ટ રાજકીય, આર્થિક અને સામાજિક પરિસ્થિતિના પરિપાકરૂપે વિકાસ પામી. સંસ્કૃત રૂપક ઉપરૂપકોની તેના સ્વરૂપ ઉપર સીધી અસર વર્તાતી નથી. તેમ છતાં કથાવસ્તુ, પાત્ર વિધાન, પ્રયોગરૂઢિઓની બાબતમાં કયાં કયાં તેણે સંસ્કૃત રૂપક તથા ઉપરૂપક પરંપરાની અસર ઝીલી છે તે વિગતે સમજાવવામાં આવ્યું છે. (પ્રકરણ-૨)

○ અસાઈતે બ્રાહ્મણ થઈને કણબીની દીકરી સાથે ભોજન લીધું અને ન્યાત બહાર મૂકાયા તે લોકશ્રુતિને અહીં નવા પરિપ્રેક્ષ્યમાં મૂલવવામાં આવી છે. આ પ્રસંગથી ખરેખરતો અસાઈતની પ્રખર પ્રતિભાનો ખ્યાલ આવે છે. અસાઈતે પોતાની કલાથી સૂબા

Kalpana's

જેવા સર્વસત્તાધીશને એટલી હદે પ્રભાવિત કર્યો હતો કે આવા ઉમદા કલાકાર પરત્વે જાહેરમાં અવિશ્વાસ પ્રગટ કરતાં તે સંકોચ અનુભવે છે.

o અસાઈતે તે સમયે પ્રચલિત દુહા, રાસ (રાસો) ફાગુ, પ્રબંધ, બારમાસી વગેરે કાવ્ય સાહિત્ય તથા તે સમયના સંસ્કૃત નાટકોનો પ્રભાવ ઝીલી ભવાઈના સ્વરૂપને સંસ્કાર્યું હતું. એટલું જ નહીં પોતે કથાકાર હતા અને ન્યાત બહાર મૂકાયા પછી તેમણે વ્યાસપીઠ ગુમાવી હતી. મુસ્લીમ સત્તા, લશ્કરની છાવણીનો પ્રસંગ, બ્રાહ્મણ સમાજ ધ્વારા થયેલો તિરસ્કાર વગેરે બાબતોએ તેમને સામાજિક સમસ્યાઓ નિરૂપતા પારંપારિક સ્વરૂપ તરફ વાળ્યા. ભકિત કરતાં સામાજિક સમસ્યા કેન્દ્રમાં આવી.

- અસાઈતના કથાકાર તરીકેના પૂર્વજીવનનો તથા તેની વ્યાસશૈલીનો ભવાઈના સ્વરૂપ ઉપર ઘેરો પ્રભાવ પડ્યો છે. ખાસ કરીને વસ્તુવિધાન ઉપર. ભવાઈનું વસ્તુસંવિધાન શિથિલ હોવાનું એક કારણ તે વ્યાસ શૈલીની પ્રબળ અસર.

- પ્રાચીન મધ્યકાલીન નાટ્ય, કાવ્ય, તે સમયના નૃત્યો, લોકગીતો, લોક સંગીત, કથન શૈલી વગેરેનું યોગ્ય પ્રમાણમાં સંકલન કરી અસાઈતે ભવાઈનું સ્વરૂપ ઘડ્યું. નિમ્નવર્ગના પ્રશ્નો, રીતરિવાજ, રૂઢિઓમાં રહેલી વિસંગતિ પરત્વે લોકોને જાગૃત કરવાનો ઉદ્દેશ ઉદ્ભવકાળથી જ ભવાઈમાં વણાઈ ગયો અને લોકોને લાગણીથી, ભાવથી તરબોળ કરી મૂકવાની જગ્યાએ સામાજિક દૂષણો પરત્વે સભાન કરવાનું, વિચાર કરતાં કરવાનું લક્ષણ ભવાઈનું સ્વભાવગત લક્ષણ બની ગયું. એ સાચા અર્થમાં પાપ-પુણ્ય મૂલવતો, જમા ઉધારનો ચોપડો બન્યો.

kalpana's

○ 'ભવાઈ સ્વરૂપ અને સંરચના' વિભાગ અંતર્ગત ભવાઈની કથાવસ્તુ, પાત્રવિધાન, અભિનય, અને અંગચાપલ્ય, સંવાદ અને બોલી, રજૂઆતની શૈલી વગેરેની વિશેષતાઓની છણાવટ કરી પ્રત્યેક પ્રકરણના અંતે તેની તારવણી આપવામાં આવી છે. તેથી અહીં તેનું પુનરાવર્તન કર્યું નથી.

○ ભવાઈમાં એલિયેનેશનનાં તત્વોની સમીક્ષા એ આ શોધ પ્રબંન્ધનો મુખ્ય વિષય રહયો છે, તે આજ પર્યંત આ દૃષ્ટિકોણથી ભવાઈના સ્વરૂપનો અભ્યાસ કરવામાં આવ્યો નથી. તેવું મારું નમ્રપણે માનવું છે.

ભવાઈના પ્રયોગમાં એલિયેનેશનનાં તત્વો વિભિન્ન સ્વરૂપે જોવા મળે છે તેમ છતાં તે હેતુપૂર્વક કે સભાનપણે પ્રયત્નેજવામાં આવતાં નથી. ભવાઈના સ્વરૂપ સાથે તે અનિવાર્યપણે જોડાયેલાં છે. ભવાઈનું એ જીવાનુભૂત તત્વ છે અને ભવાઈમાં તે અનાયાસપણે સિધ્ધ થાય છે. બ્રેખ્તે પોતાના 'એપિક થિયેટર' માટે જે આગવી વિભાવના વિકસાવી, ભજવાતા નાટકના પ્રવાહમાં ખોવાઈ

જવાને બદલે તેનાથી અળગા રહી નાટક પરત્વે વિવેચકની તટસ્થતા કેળવી તેનું મૂલ્યાંકન કરવાનો જે અભિગમ અપનાવ્યો તેના તત્વો ભારતીય પારંપારિક નાટ્ય સ્વરૂપોમાં વિશેષપણે જોવા મળે છે. આપણે ત્યાં તો છેક ભરતમુનિના કાળથી તાટસ્થ્યપૂર્વકના તાદાત્મ્યની વિભાવના રસવિચારણામાં અંતર્ભૂત થયેલી જણાય છે. ભવાઈ ભકિતરસ કરતાં સાંપ્રત સમસ્યાઓ સાથે સવિશેષપણે સંકળાયેલ હોવાના લીધે, પ્રેક્ષકોને સમાજમાં પ્રવર્તતી વિભિન્ન સમસ્યાઓ પરત્વે સભાન કરવાનો તેમાં મૂળભૂત આશય રહેલો હોવાને લીધે એલિયેનેશનનાં તત્વો સ્વાભાવિકપણે પ્રવેશેલાં જોવા મળે છે.

ભવાઈનું વેશોની હારમાળા જેવી episodic ગૂંથણી ધરાવતું શિથિલ કથાવસ્તુ, વ્યકિતલક્ષી કરતાં સવિશેષપણે વર્ગલક્ષી એવાં પાત્રો, પ્રેક્ષકો સાથે સીધો સંબંધ પ્રસ્થાપિત કરતા સંવાદો, પાત્રની સ્વમુખે આત્મઓળખ આપતા આવણાં, લોકબોલીનો પ્રચુર માત્રામાં પ્રયોગ, ઘડીકમાં પાત્ર તો ઘડીકમાં નિવેદક બનતો અને પાત્રનું સતત નિદર્શન કરતો નટ, વાસ્તવિકતાનો આભાસ ઉભો કરવાનો

kalpana'c

લેશમાત્ર પ્રયત્ન ન થતો હોય તેવી રજૂઆતની શૈલી તથા ત્રણે બાજુ બેઠેલા પ્રેક્ષકોની સમાંતરે સમાનભૂમિ પર ખેલાતી ભવાઈલીલા સ્વભાવગત રીતે એલિયેનેશનનું તત્વ ધરાવે છે. બ્રેખ્તને પોતાના એપિક થિયેટર માટે એલિયેનેશનનો હેતુ સિધ્ધ કરવા માટે જે જે theatrical devices હેતુપૂર્વક આયાસપણે પ્રયોજવી પડે છે, તે ભવાઈમાં તેના સ્વભાવગત લક્ષણ રૂપે નૈસર્ગિક રીતે નિહિત રહેલી છે. ભવાઈના કલાકારો કોઈ પણ જાતની સભાનતા વિના અનાયાસપણે પરંપરાથી ચાલતી આવેલી આ પ્રયુકિતઓ પ્રયોજતા રહે છે અને એલિયેનેશનનો હેતુ આપોઆપ સિધ્ધ થતો જાય છે.

આપણાં દેશમાં લોકોના અનેક પ્રશ્નો છે. વસ્તી વધારો, ગરીબી, બેકારી, નિરક્ષારતા, ગામડામાંથી રોજગારીની તકોની શોધમાં સ્થળાંતર કરી શહેરમાં આવતા લોકોને કારણે ઉભી થયેલી ઝુંપડપટ્ટીઓ, ગંદા-વસવાટો, રાષ્ટ્રીય ભાવાત્મક એકતાનો અભાવ વગેરે અનેક પ્રશ્નો પરત્વે લોકજાગૃતિ કેળવવા સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય, સરકારી તથા સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.

લોકો સુધી તેનો સંદેશ પહોંચાડવા માટે વિવિધ માધ્યમોનો ઉપયોગ થાય છે.

બર્ટોલ્ટ બ્રેખ્તે થિયેટરને સમાજનવરચનાનું હથિયાર કહયું છે. તેમના મત મુજબ માણસ બદલાઈ શકે છે. માણસ સતત પરિવર્તનશીલ છે. તે બંધીયાર પાણી જેવો નથી. ભવાઈમાં બ્રેખ્તની એલિયેનેશન વિભાવનાના દર્શન થાય છે, પણ તેની પોતાની રીતે. જેમ બ્રેખ્તે એશિયન થિયેટરમાંથી એલિયેનેશનનું તત્વ શોધી કાઢી તેનો, પોતાનો હેતુ સિધ્ધ કરવા આગવો પણ સર્જનાત્મક ઉપયોગ કર્યો છે, તેજ રીતે ભવાઈનો પણ સર્જનાત્મક વિનિયોગ થઈ શકે. આજે સમસ્યા નિરૂપણ માટે ભવાઈ જેવું હાથવગું લોકનાટ્યસ્વરૂપ બીજું મળવું મુશ્કેલ છે.

આધુનિક ભારતીય નાટ્યકારોએ 'સ્વદેશી રંગભૂમિ'ની આગવી ઓળખ માટે આપણ પારંપારિક નાટ્યસ્વરૂપોનો વિનિયોગ કરવાની ખૂબ મથામણ કરી છે. કમભાગ્યે ભવાઈના સ્વરૂપનો ઉપયોગ કરી આધુનિક સંવેદના સાકાર કરતી ચિરસ્મરણીય નાટ્યકૃતિ કોઈ ગુજરાતી નાટ્યકારે આપી નથી. ભવાઈની તમામ શકયતાઓને કામે લગાડાઈ

નથી. માત્ર મનોરંજન અને પ્રચારલક્ષી નાટ્યસ્વરૂપ તરીકે જ તેના સ્વરૂપનો ઉપયોગ થતો રહ્યો છે. 'એલિયેનેશનના તત્વોની દૃષ્ટિએ ભવાઈના સ્વરૂપનો કરવામાં આવેલો આ અભ્યાસ નાટ્યકારોને ભવાઈ સ્વરૂપે કલાકૃતિ નિપજાવવાની દિશા ચીંધશે તો તે જરુર સાર્થક બની રહેશે.

kalpana's